# ભાવનગરમાં પહેલી વાહન સ્ક્રેપિંગ સુવિધા માટે એમઓયુ થશે

## આજે ગડકરી ગુજરાતની મુલાકાતે : નવી સ્ક્રેપ પોલિસી જાહેર કરશે

ગાંધીનગર,તા.૧૨

આવતી કાલે દેશભરમાં નવી સ્ક્રેપ પોલિસ જાહેર થનાર છે ત્યારે મહાત્મા મંદિર ખાતે વડાપ્રધાન મોદી વીડિયો કોન્ફરન્સથી હાજરી આપશે તેમજ કેન્દ્રિય પરિવહન મંત્રી નીતિન ગડકરી ઉપસ્થિત રહેશે.

દેશમાં ઈલેક્ટ્રીક વાહનનોને પોત્સાહન મળે તેમન પ્રદૂષણની માત્ર ઘટે તે માટે કેન્દ્ર સરકાર દ્વારા નવી પોલિસી જાહેર થનાર છે. આવતી કાલે મહાત્મા મંદિર ખાસે દેશની સ્ક્રેપ પોલિસી જાહેર કરવામાં આવશે, મહત્વનું છે કે રાજ્યમાં જૂના વાહનોને દૂર કરવા માટે કેન્દ્ર સરકાર સ્ક્રેપ પોલિસી બનાવી રહી છે ત્યારે ગુજરાતમાં આ સ્ક્રેપ વાહનો માટેનો પ્લાન્ટ બનાવવામાં આવે તે માટે તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે આ પ્લાન્ટ કચ્છ અને ભાવનગરના અલંગમાં બને તેવું આવ્યું છે. એવું પણ મનાઈ રહ્યું છે કે દેશનો પ્રથમ સ્ક્રેપ પ્લાન્ટ અલંગ ખાતે શરૂ કરવામાં આવી શકે છે. મહત્વનું છે કે વર્તમાનમાં જે સ્ક્રેપ પોલિસી છે જેમાં સરકાર જાહેરાત કરાઈ હતી ત્યારે બાદ રાજ્ય સરકારે સ્ક્રેપ પોલિસીના નીતિ નિયમો પર ચર્ચા શરૂ કરી છે. ગુજરાતમાં પણ કેન્દ્રના નિયમો પ્રમાણે જ પોલિસી લાગુ વર્ષની મર્યાદા અપવામાં આવી શકે છે. ઉલ્લેખનિય છે કે રાજ્યમાં ૨૦ વર્ષ બાદ વાહનોને સ્ક્રેપ કરવાની પોલિસી અંગે વિચારણાં હાથ ધરાઈ છે જે આવતી કાલે ગાંધીનગરથી જાહેર થનાર છે.

### આજે વડાપ્રધાન મોદી ગુજરાતમાં રોકાણકાર સમિટને સંબોધશે

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧૩ ઓગસ્ટ ૨૦૨૧ના રોજ સવારે ૧૧ વાગ્યે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ગુજરાતમાં રોકાણકાર સમિટને સંબોધિત કરશે. સ્વૈચ્છિક વાહન-ફ્લીટ આધુનિકીકરણ કાર્યક્રમ અથવા વાહન સ્ક્રેપિંગ નીતિ હેઠળ વાહન સ્ક્રેપિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સ્થાપવા માટે રોકાણને આમંત્રણ આપવા માટે આ સમિટનું આયોજન કરવામાં આવી રહ્યું છે. તે સંકલિત સ્ક્રેપિંગ હબના વિકાસ માટે અલંગ ખાતે શિપ બ્રેકિંગ ઉદ્યોગ દ્વારા પ્રસ્તુત સમન્વય પર પણ ધ્યાન આકર્ષિત કરશે.

મનાઈ રહ્યું છે.

આ પોલિસી જાહેર કરવામાં આવી રહી છે ત્યારે દેશભરમાંથી ૨૦૦થી વધુ ઓટોમોબાઈલ ડીલર્સને આમંત્રણ આપવામાં આંશિક સુધારો કરશે બાદમાં કેન્દ્ર સરકાર સ્ક્રેપ પોલિસી લાગુ કરવા જઈ રહી છે.

મહત્વનું છે કે લોકસભામાં બજેટ સત્રમાં સ્ક્રેપ પોલિસીની કરી શકાશે, જોકે તેમાં સુધારો વધારો થઈ શકે છે. નવા નિયમો પ્રમાણે વર્ષ ૨૦૦૫ પહેલાંના વાહનો સ્ક્રેપ થશે, ગુજરાતમાં ટુવ્હીલર અને ફોર વ્હીલરને ૧૫ ગુજરાતમાં અલંગ અને કચ્છ ખાતે સ્ક્રેપ વ્હીકલ પાર્ક આવેલો છે. રાજ્યમાં ૨૦ વર્ષ થયા બાદ હવે સ્ક્રેપ પોલિસી અંગે ચર્ચા-વિચારણા થઈ રહી છે. જેને લઈ ગુજરાત સરકાર નીતિમાં સુધારો કરીને વિધાનસભામાં પોલિસના અંગે ચર્ચા કરશે. એવું મનાઈ રહ્યું છે કે નવા નિયમો પ્રમાણે વર્ષે ૨૦૦૫ પહેલાંના વાહનો સ્ક્રેપ થશે, જેમાં ટુવ્હીલર અને ફોર વ્હીલરને ૧૫ વર્ષની મર્યાદા અપાશે.




એડવેન્ચર પેરેડાઈસ સંસ્થા દ્વારા નગરમાં મોર્નિંગ ટ્રેકનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. સંસ્થા દ્વારા કોરોના ગાઈડલાઈનના અમલ સાથે ટ્રેકીંગ , યોગા, ગૃપ ડીસ્કશન તેમજ નવા રોપાઓનુ વિતરણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. નગરના યુવાનોમાં પ્રકૃતિ પ્રેમ વધે તેમજ પર્યાવરણ અંગેની જાગૃતિ કેળવાય તેવા ઉમદા આશય સાથે સંસ્થા દ્વારા આ પ્રકારના કાર્યક્રમનુ સમયાંતરે આયોજન કરવામાં આવે છે.

# રાજ્યમાં ૨૦૦થી વધુ ડેમ-જળાશયોમાં અડધાથી ઓછું જળસ્તર, ૪૫ ટકા વરસાદની ઘટ

ગાંધીનગર, તા.૧૨

અપૂરતા વરસાદને કારણે રાજ્યના ડેમોમાં પાણીનું સ્તર ઘટ્યું છે. હાલ આ ડેમો પોતાની કુલ ક્ષમતાના ૪૭.૫૪% જ ભરેલા છે, તેમ બુધવારે નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગે જણાવ્યું.

રાજ્યના ૨૦૦થી વધુ ડેમ અને જળાશયોમાં કુલ સંગ્રહ ક્ષમતા કરતાં અડધાથી પણ ઓછું જળસ્તર હોવા છતાં રાજ્ય સરકારે ૫ લાખ હેક્ટર જેટલી જમીનમાં સિંચાઈ માટે ડેમોમાંથી પાણી આપવાનો નિર્ણય કર્યો છે, જેથી ઊભા પાકને નુકસાન ના થાય.

ભારતીય હવામાન વિભાગે બુધવારે જણાવ્યું કે, ગુજરાતમાં વરસાદ ઓછો પડ્યો છે. સામાન્ય કરતાં ૪૫ ટકા વરસાદની ઘટ હાલ રાજ્યમાં વર્તાઈ રહી છે. હવામાન વિભાગના રિપોર્ટ પ્રમાણે, ૧ જૂનથી ૧૦ ઓગસ્ટ વચ્ચે ગુજરાતમાં સામાન્ય કરતાં ૪૫ ટકા ઓછો વરસાદ નોંધાયો છે. સામાન્ય રીતે આ સમયગાળામાં ૪૫૮.૮ દ્વદ્વ વરસાદ નોંધાય છે પરંતુ રાજ્યમાં ૨૫૨.૭દ્વદ્વ જ વરસાદ વરસ્યો છે, તેમ હવામાન ખાતાએ જણાવ્યું.

૨૦૭માંથી માત્ર પાંચ ડેમ કાંઠા સુધી ભરાયેલા છે. આ પાંચમાંથી ચાર ડેમ સૌરાષ્ટ્રમાં આવેલા છે અને એક દક્ષિણ ગુજરાતમાં છે, તેમ બુધવારે રાજ્ય સરકાર તરફથી જણાવાયું છે.

ખરીફ ઋતુમાં ૭૫,૭૩,૧૦૬ હેક્ટર જમીન પર વાવણી થઈ ચૂકી છે ત્યારે ગુજરાત સરકારે નક્કી કર્યું છે કે, ૩૦ સપ્ટેમ્બર સુધી ચાલે તેટલા પીવાના પાણીનો સંગ્રહ કરીને ૫ લાખ હેક્ટર જમીનમાં રહેલા ઊભા પાક માટે ડેમમાંથી પાણી આપવામાં આવશે. મંગળવારે રાજ્ય સરકાર તરફથી બહાર પાડેલા નિવેદનમાં આ વાત જણાવાઈ હતી. ગુજરાતના ૩૩ જિલ્લાઓમાંથી અરવલ્લી અને ગાંધીનગરમાં આ સીઝનનો સૌથી ઓછો વરસાદ નોંધાયો છે. આ બંને જિલ્લાઓમાં વરસાદની ઘટ સૌથી વધુ છે. જ્યારે બાકીના ૩૧ જિલ્લાઓમાં પણ સામાન્ય ઘટ નોંધાઈ છે, તેવો હવામાન ખાતાના રિપોર્ટમાં ઉલ્લેખ છે.

સ્ટેટ ઈમર્જન્સી ઓપરેશન સેન્ટર દ્વારા આપવામાં આવેલા ઝોન મુજબના ડેટાની વાત કરીએ તો, દક્ષિણ ગુજરાતમાં સરેરાશ વાર્ષિક વરસાદના ૩૬.૩૯%, પૂર્વ-મધ્ય વિસ્તારોમાં ૩૪.૭૨%, સૌરાષ્ટ્રમાં ૩૩.૮%, કચ્છમાં ૩૧.૭૪% અને ઉત્તર ભાગમાં ૩૧.૨% વરસાદ પડ્યો છે.

# ચાણસ્મા-મહેસાણા હાઈવે પર ગમખ્વાર અકસ્માત, એક જ પરિવારના ૩ના મોત

પાટણ,તા.૧૨

પાટણ-ચાણસ્મા હાઈવે ઉપર લણવા ગામ નજીક દૂધ ભરેલા ટેક્રર અને સુરતથી મેથાણિયા ગામે સીમંતના પ્રસંગમાં આવેલા પરિવારની કાર અને ટેક્રર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમા સવાર પાંચ પૈકી બે વર્ષની બાળકી સહિત એક જ પરિવારનાં ત્રણ લોકોનાં મોત થયાં હતાં.

પાટણ-મહેસાણા હાઈવે ઉપર ગુરુવારે સવારે સુરતથી મેથાણિયા ગામે સીમંત પ્રસંગમાં હાજરી આપવા આવેલા પરિવારની કાર અને ચાણસ્મા તરફથી મહેસાણા તરફ જઈ રહેલા દૂધ ભરેલા ટેક્રર વચ્ચે અકસ્માત સર્જાયો હતો, જેમાં કારમાં સવાર બે વર્ષની બાળકી સહિત એક જ પરિવારના ત્રણ લોકોનાં મોત થવા પામ્યાં હતાં. ઘટનાને પગલે લોકોના ટોળા એકત્ર થતા થોડા સમય માટે ટ્રાફિકજામ થઈ જવા પામ્યો હતો. ઘટનાને પગલે પોલીસને ૧૦૮ને જાણ કરતાં ઈજાગ્રસ્ત લોકોને નજીકમાં આવેલા લણવા સીએસસી સેન્ટરમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. પોલીસે હાલમાં ઘટનાસ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે, વધુ વિગતો હાલમાં બહાર આવી નથી.

અકસ્માતનો ભોગ બનેલો પરિવાર ગઈકાલે સુરતથી મેથાણિયા ગામમાં પ્રસંગમાં હાજરી આવ્યો હતો અને આજે કંઈક ચીજ-વસ્તુ લેવા જતાં પરિવારની કારને ટેક્રરે ટક્કર મારતાં ત્રણ લોકોનાં મોત થયા હતા. ત્રણ લોકોના મોતની વાત વાયુવેગે ગામમાં પ્રસરી ગઈ હતી, જેથી ગ્રામજનો ને પરિવારનાં સ્નેહીજનો પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે દોડી આવ્યાં હતાં અને તાત્કાલિક વધુ સારવાર માટે લોકોને મહેસાણા ખાતે રિફર કરવામાં આવ્યા હતા. દુઃખદ ઘટનાને લઈ સમગ્ર ગામમાં દુઃખની લાગણી પ્રસરી જવા પામી હતી. અકસ્માતમાં મૃત્યુ પામેલા પરિવારના મોભી અને ગામના સરપંચ તુલસીભાઈ પટેલે જણાવ્યું હતું કે, પોતનો પુત્ર પરિવાર સાથે સુરત ડેરી ચલાવે છે અને મેથાણીયા ગામે સામાજિક આ પ્રસંગે સુરતથી ગઈકાલે જ પરિવાર સાથે આવ્યો હતો અને આજે સવારે પરિવારના કામ માટે તે પોતાની ગાડી લઈને મેથણીયા ગામેથી વસ્તુ લેવા લણવા તરફ જઈ રહ્યો હતો. લણવા તરફ જતાં તેની કાર સાથે સામેથી પુરઝડપે આવી રહેલુ દૂધનું ટેક્રર અથડાતાં મારા દીકરાનું તેમજ તેની માસૂમ દીકરી સહિત અન્ય એક વ્યક્તિનું ઘટના સ્થળે જ કરૂણ મોત થયું હતું. તો મારા દીકરાના દીકરાને તેમ જ અન્ય એક વ્યકિતને ગંભીર ઈજા થતાં તેમને સારવાર અર્થે મહેસાણા ખસેડવામાં આવ્યા છે.

## પંચાયત કર્મચારી મહાસંઘના પ્રમુખ તરીકે પ્રકાશ ત્રિવેદીની વરણી

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત રાજ્ય પંચાયત કર્મચારી મહાસંઘના પ્રમુખ તરીકે ગાંધીનગર જિલ્લા પંચાયતના કર્મચારી અગ્રણી પ્રકાશ ત્રિવેદીની




આજે સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

પંચાયતના જુદા જુદા કર્મચારી સંગઠ્ઠનના બનેલા કર્મચારી મહાસંઘની આજે ગાંધીનગર ખાતે બેઠક મળી હતી જેમાં નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી.

પ્રમુખ તરીકે પ્રકાશભાઈ ત્રિવેદી (ગાંધીનગર), મહામંત્રી તરીકે સુરેશભાઈ ગામીત (વ્યારા), ઉપપ્રમુખ તરીકે સહદેવસિંહ ચુડાસમા અને ભરતભાઈ વૈષ્ણવ, કન્વીનર તરીકે હર્ષદભાઈ બ્રહ્મભટ્ટ, સહ કન્વીનર તરીકે મનોજભાઈ યાજ્ઞિક, ખજાનચી તરીકે ભરતસિંહ બિહોલા, મહિલા પ્રતિનિધિ તરીકે દામિનીબેન પટેલ, ઓડિટર તરીકે સુનીલભાઈ પ્રજાપતિ, દંડક તરીકે રાજુભાઈ ઉપાધ્યાય અને સહ દંડક તરીકે કિરીટસિંહ ચાવડાની નિમણુંક કરવામાં આવી છે.

## ગાંધીનગર જિલ્લા વિકાસ યુવા અધિકારીની કચેરી દ્વારા

# જિલ્લાના નાગરિકો માટે ગાયન (સુગમ સંગીત, લગ્નગીત, શાસ્ત્રીય કંઠ્ય સંગીત (હિંદુસ્તાની), લોકગીત/ભજન) સ્પર્ધાનું આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૧૨

રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવુતિઓ વિભાગ હસ્તકની કમિશ્નરશ્રી,યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવુતિઓની કચેરી,ગાંધીનગર તથા જિલ્લા યુવા વિકાસ અધિકારી, ગાંધીનગર દ્વારા સંયુક્ત ઉપક્રમે "ગાયન (સુગમ સંગીત, લગ્નગીત, શાસ્ત્રીય કંઠ્ય સંગીત (હિન્દૂસ્તાની), લોકગીત/ ભજન) સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં જુદાજુદા વયજુથ પ્રમાણે કલાકારો ભાગ લઈ શકશે. જેમાં ૬ થી ૧૪ વર્ષ સુધીના, ૧૫ થી ૨૦ વર્ષ સુધીના, ૨૧ થી ૫૯ વર્ષ સુધીના તેમજ ૬૦ વર્ષથી ઉપરના ઓપન વયજુથમાં ભાગ લઈ શકશે. ઉક્ત સ્પર્ધાની વિડીયો ક્લીપ તૈયાર કરી તા.૧૯/૦૮/ ૨૦૨૧ બપોર કલાક.૧૨:૦૦ વાગ્યા સુધીમાં જિલ્લા રમતગમતની કચેરી "સીલ્લ્લ વિગ્સ, સહયોગ સંકુલ, ૬ઠ્ઠો માળ, પથિકાશ્રમ પાસે, ગાંધીનગર E-Mail ID - dydogandhinagar18@ gmail.com પર મોકલવાનું રહેશે. જિલ્લાકક્ષાની સ્પર્ધામાં પ્રથમ વિજેતાને રૂ.૧૦૦૦, દ્રીતીય વિજેતા ને રૂ.૭૫૦ તેમજ તૃતિય વિજેતાને રૂ.૫૦૦ નું ઈનામ આપવામાં આવશે.

રાજ્યકક્ષાની ગાયન સ્પર્ધામાંથી ૧૦ વિજેતા કલાકારોની પસંદગી થશે. તેઓ પૈકી પ્રથમ વિજેતાને રૂ.૨૫૦૦૦/- દ્રિતિય વિજેતાને રૂ.૧૫૦૦૦/-અને તૃતિય વિજેતાને રૂ.૧૦૦૦૦/- એમ ત્રણ ઈનામો અને બાકીના અન્ય સાત વિજેતાઓને રૂ.૫૦૦૦/- (પ્રત્યેકને) મુજબ આશ્વાસન ઈનામો આપવામાં આવશે.

આ અંગેની વધુ માહીતી "મોબાઈલ ટુ સ્પોર્ટ્સ" યોજના અંતર્ગત ફેસબુક પેજ https:// www.facebook.com/ mobile2sports તેમજ યુ ટ્યુબ ચેનલની લિંક http:// www.youtube.com/ channel/UCzsjROvt HpN4rkensUaz-g પરથી મળી શકશે.

"ગાયન (સુગમ સંગીત, લગ્નગીત, શાસ્ત્રીય કંઠ્ય સંગીત (હિન્દૂસ્તાની), લોકગીત/ ભજન") ની જિલ્લાકક્ષાની સ્પર્ધામાં સ્પર્ધકે પોતાનું નામ, સરનામુ, મોબાઈલ નંબર, ઈ-મેઈલ આઈડી,સ્કુલનું નામ અને સરનામું વગેરે બાબતોનો વિડીયો ક્લીપમાં ઉલ્લેખ કરવાનો રહેશે. તથા વિડીયો ક્લિપ સાથે આધારકાર્ડ, ચુંટણીકાર્ડ, ડ્રાઈવિંગ લાઈસન્સ તથા પાસબુકના પ્રથમ પાનાની ઝેરોક્ષ અત્રેની કચેરીએ મોકલવાની રહેશે. સ્પર્ધા વિશેના નિયમો કચેરી સમય દરમ્યાન કચેરીમાંથી તથા કચેરીના બ્લોગ એડ્રેસ https://youthoffice rgandhinagar.wordpress.com પરથી મળી રહેશે.

# ગુજરાતના છ પોલીસને શ્રેષ્ઠ કાર્ય બદલ પુરષ્કૃત કરાશે

## ગુજસીટોકના આરોપીઓ સામે શ્રેષ્ઠ તપાસ બદલ સન્માન : દેશના ૧૫૨ પોલીસ કર્મચારીઓને મેડલ ફોર એક્સિલન્સ ઈન ઈન્વેસ્ટીગેશન મેડલથી નવાજાશે

ગાંધીનગર, તા.૧૨

ગુજરાતના ૬ પોલીસ કર્મચારીને ગૃહ મંત્રાલય દ્વારા તપાસની શ્રેષ્ઠ કામગીરી માટે પુરસ્કાર અપાશે. શ્રેષ્ઠ કામગીરી માટે કેન્દ્રીય ગૃહમંત્રાલય દ્વારા ૧૫ ઓગસ્ટનો રોજ આ પુરસ્કાર આપવામાં આવશે. ગુજસીટોકના ઓરાપીઓ સામે તપાસની શ્રેષ્ઠ કાર્યવાહી કરવા બદલ આ તમામ પોલીસ કર્મચારીઓની પુરસ્કાર માટે પસંદગી કરવામાં આવી છે. જેમાં સુરતના ત્રણ પોલીસ કર્મચારીઓને એવોર્ડ માટે પસંદ કરાયા છે. જે સુરત પોલીસ માટે ગૌરવની વાત છે. તો અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ દર્શનસિંહ બારડ અને એ. વાય. બલોચની પણ પુરસ્કાર માટે પસંદગી કરાઈ છે. દેશના ૧૫૨ પોલીસ કર્મચારીઓને આ વર્ષે યુનિયન હોમ મિનિસ્ટર મેડલ ફોર એક્સિલન્સ ઈન ઈન્વેસ્ટીગેશન મેડલથી નવાજવામાં આવનાર છે. ઉત્કૃષ્ઠ તપાસ કામગીરી માટે આ તમામ પોલીસ કર્મચારીઓને સન્માનિત કરવામાં આવનાર છે. આ વર્ષ ૨૦૨૧ ના એવોર્ડમાં સૌથી વધુ સીબીઆઈના ૧૫ પોલીસ કર્મચારીઓ સામેલ છે. તો ૧૫૨ માંથી ૨૮ મહિલા પોલીસ કર્મચારી છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે આજે આ માહિતી આપી છે.

એવોર્ડ મેળવનારા પોલીસ કર્મચારીઓમાં એએસપી નિતેશ પાંડેય - જામનગર, ડીસીપી વિધી ચૌધરી – સુરત, પીઆઈ મહેન્દ્ર સાલુંકે, પીઆઈ મંગુભાઈ તડવી, પીઆઈ દર્શનસિંહ બારડ - અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ, પીઆઈ એ.વાય બલોચ - અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચનો સમાવેશ થયા છે.

સીબીઆઈના ૧૫ કર્મીઓ ઉપરાંત મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્ર પોલીસના ૧૧-૧૧, ઉત્તર પ્રદેશ પોલીસના ૧૦, કેરળ અને રાજસ્થાન પોલીસના ૯-૯, તમિલનાડુ પોલીસના ૮, બિહારના ૭ તેમજ ગુજરાત, કર્ણાટક અને દિલ્હી પોલીસના ૬-૬ કર્મચારીઓને એવોર્ડ આપવામાં આવશે. ગત વર્ષે ૨૦૨૦ માં કુલ ૧૨૧ પોલીસ કર્મચારીઓની સન્માનિત કરાયા હતા. આ મેડલ આપવાની શરૂઆત ૨૦૧૮ માં કરવામાં આવી હતી. આ પુરસ્કાર આપવા પાછળનો હેતુ તપાસ કરનાર ઉત્કૃષ્ઠ અધિકારીઓના ઓળખ કરવાનો છે.

## "માન.પ્રધાનમંત્રીશ્રી દ્વારા "આત્મનિર્ભર નારી શક્તિ" સાથે સંવાદ" કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૨

તા.૧૨/૦૮/૨૦૨૧ ના રોજ "માન.પ્રધાનમંત્રીશ્રી દ્વારા આત્મનિર્ભર નારીશક્તિ સંવાદ" અંતર્ગત જિલ્લા કક્ષાનો કાર્યક્રમ ગોપાલક વિદ્યા સંકુલ, સે.- ૧૫, ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ.

આ કાર્યક્રમમાં માન.ધરાસભ્યશ્રી,ગાંધીનગર(દક્ષિણ) શંભુજી ઠાકોર અધ્યક્ષ સ્થાને તથા માન.જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયતના પ્રમુખશ્રી અને માન. નિયામકશ્રી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, ગાંધીનગરની પ્રેરક ઉપસ્થિતીમાં યોજવામાં આવ્યો હતો. જેમાં ગાંધીનગર તાલુકાના ૨૦૦ જેટલા સ્વ-સહાય જૂથના બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં તાલુકા વિકાસ અધિકારીશ્રી, ગાંધીનગર દ્વારા સ્વાગત પ્રવચન તથા મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યુ હતુ. ત્યારબાદ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને વિધિવત રીતે ખુલ્લો મુકવામાં આવ્યો. આ કાર્યક્રમમાં એન.આર.એલ.એમ યોજના અંતર્ગત રચાયેલ સ્વ સહાય જૂથના બહેનો દ્વારા યોજનાકીય પ્રતિભાવો રજુ કરવામાં આવ્યા. "માન.પ્રધાનમંત્રીશ્રી દ્વારા આત્મનિરભર નારી શક્તિ સાથે સંવાદ"નું જીવંત પ્રસારણ મહાનુભાવો તથા લાભાર્થી બહેનો દ્વારા નિહાળવામાં આવ્યુ હતુ.

આ કાર્યક્રમમાં એન.આર.એલ.એમ યોજના અંતર્ગત કોમ્યુનીટી ઈન્વેસ્ટમેન્ટ ફંડ રૂ. ૯,૮૦,૦૦૦/- અને રીવોલ્વીંગ ફંડ રૂ. ૨,૪૦,૦૦૦/- ના પ્રતિકાત્મક ચેકનું વિતરણ લાભાર્થીઓને ઉપસ્થિ મહાનુભાવોના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. વધુમાં કલોલ, દહેગામ અને માણસા તાલુકામાં પણ "માન. પ્રધાનમંત્રીશ્રી દ્વારા આત્મનિર્ભર નારીશક્તિ સંવાદ" કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ત્રણે તાલુકાના કુલ કોમ્યુનીટી ઈન્વેસ્ટમેન્ટ ફંડ રૂ. ૩૪,૩૦,૦૦૦/- અને રીવોલ્વીંગ ફંડ રૂ.૫,૭૦,૦૦૦/- નું ચેક વિતરણ કરવામાં આવ્યું. અંતમાં જીલ્લા લાઈવલીહુડ મેનેજરશ્રી જીતેન.એ. પારેખ દ્વારા આભારવિધી કરી કાર્યક્રમ પૂર્ણ જાહેર કરવામાં આવ્યો.

# બધા પાટીદારો પૈસાદાર નથી, બિલનો હાર્દિકનો આવકાર

કોંગ્રેસ નેતા હાર્દિક પટેલ ત્રણ દિવસથી સુરતની મુલાકાતે હતા. આજે ત્રીજા દિવસે તેમણે મીડિયા સાથે ઓબીસી સંશોધન બિલને લઈને વાત કરતા જણાવ્યું કે બિલને હું આવકારું છું. અનામતની ૫૦ ટકાની મર્યાદા વધારવી જોઈએ અને પાટીદાર સમાજને ઓબીસીમાં સમાવવા માટે બે વર્ષથી અરજી કરી છે તેનો ઉકેલ લાવો.

હાર્દિકે વધુમાં જણાવ્યું હતું કે ઓબીસી અનમાત બિલનો સ્વીકાર કરું છું પરંતુ સરકારને મારી વિનંતી છે કે દરેક સમાજના આર્થિક અને સામાજિક ધોરણે સર્વે કરવામાં આવે. જેથી કરીને ખરેખર અનામતનો લાભ કયા સમાજને કેટલી જરૂરિયાત છે તે મુજબ આપવો જોઈએ. જેથી દરેક સમાજના લોકોને લાભ મળી શકે. ઓબીસી સંશોધન બિલની અંદર આ અગાઉ પણ આ રીતે રાજ્ય સરકારને ઓબીસીમાં જે જ્ઞાતિને સમાવવી હોય તે જ્ઞાતિને સમાવવા માટેની સત્તા હતી પરંતુ તે કેન્દ્ર સરકાર દ્વારા લઈ લેવામાં આવી હતી. ફરી એક વખત આપવામાં આવી છે. જેતી રાજ્ય સરકારે અનામત માટે જે ૫૦ ટકાની મર્યાદાઓ રાખી છે તે મર્યાદાને હવે વધારવાની જરૂરિયાત જણાઈ રહી છે અમે આ બાબતે ઘણી વખત રજૂઆત કરી ચૂક્યા છીએ.

### હોમાયા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વખતે સૌથી ઓછું કામ થયું છે. ઉલ્લેખનીય છે કે ૨૦૧૬ના શિયાળુ સત્રમાં લોકસભાની કાર્યવાહી શિડ્યુલ ટાઈમના માત્ર ૧૫ ટકા સમય જ ચાલી શકી હતી. પાછલા ૧૦ વર્ષોના પાંચ સત્રોમાં રાજ્યસભા પોતાના નિર્ધારિત સમયના ૨૫ ટકાથી ઓછું કામ કરી શકી છે.

જો ચોમાસુ સત્રમાં લોકસભાના ૧૧૪ અને રાજ્યસભાના ૧૧૨ કલાકનો સરવાળો કરવામાં આવે તો બન્ને સભામાં કુલ મળીને ૨૨૬ કલાક કામ થવુ જોઈતું હતું, પરંતુ બન્ને સભામાં માત્ર ૫૦ કલાક કામ થયું છે. વિવિધ અનુમાનો અનુસાર સંસદની પ્રત્યેક મિનિટની કાર્યવાહી પર લગભગ ૨.૫ લાખ રુપિયા ખર્ચ થાય છે. આ પ્રકારે ૨૨૬ કલાક એટલે કુલ ૧૩,૫૬૦ મિનિટની કાર્યવાહી પર લગભગ ૩૩.૯૦ અબજ રુપિયા ખર્ચ થયા. હવે જો ૫૦ કલાક એટલે કે ૩૦૦૦ મિનિટની ગણતરી કરવામાં આવે તો કહી શકાય કે સંસદમાં માત્ર ૭.૫૦ અબજ રુપિયાનો સાર્થક ઉપયોગ થયો. ૧૭૬ કલાક એટલે કે ૧૦,૫૬૦ મિનિટ બેકાર ગઈ, જેના પર ૨૬.૪૦ અબજ રુપિયા ખર્ચ થયા છે. આ ગણતરી અનુસાર કહી શકાય કે, સંસદના ચોમાસું સત્રમાં સામાન્ય પ્રજાની કમાણીના ૨૬.૪૦ અબજ રુપિયા વ્યર્થ ગયા છે.

### લોક કરાયું... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આગળ આ સ્કીનશોટ સાથે લખવામાં આવ્યું છે કે, જો બળાત્કાર પીડિતા બાળકીને ન્યાય અપાવવા માટે અવાજ ઉઠાવવો ગુનો છે, તો આ ગુનો અમે સો વખત કરીશું.

કોંગ્રેસના કેટલાક નેતાઓના ટ્વિટર અકાઉન્ટ લોક થવા પાછળ કેન્દ્રની મોદી સરકારને જવાબદાર ઠેરવવામાં આવી રહી છે. એવો આક્ષેપ કરવામાં આવી રહ્યો છે કે કેન્દ્રના ઈશારે ટ્વિટર દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી છે. યુવા કોંગ્રેસના ઘણાં કાર્યકર્તાઓએ પાછલા દિવસોમાં દિલ્હીમાં પ્રદર્શન કર્યું અને મોદી સરકાર સામે સૂત્રોચ્ચાર કર્યા હતા. કોંગ્રેસની સોશિયલ મીડિયા ટીમના કોઓર્ડિનેટર મનમોહનસિંહએ આ સ્થિતિને ડિજિટલ ઈમર્જન્સી ગણાવી દીધી છે. મનમોહને લખ્યું છે કે, જેટલા પણ હેન્ડલ લોક કરવામાં આવશે તેટલી આક્રામકતાથી કોંગ્રેસના વોલેન્ટિયર્સ કામ કરશે.

આ મહિનાની શરુઆતમાં ટ્વિટરે રાહુલ ગાંધીનું અકાઉન્ટ લોક કર્યું હતું. રાહુલે એક દલિત બાળકીના માતા-પિતાની તસવીર પોસ્ટ કરી હતી. બાળકી સાથે કથિત દુષ્કર્મ થયું અને પછી તેની હત્યા કરી નાખવામાં આવી. ટ્વિટર નિયમો અને ભારતીય કાયદા પ્રમાણે દુષ્કર્મ પીડિતા કે પરિવારજનોની ઓળખ છતી ના કરી શકાય. કંપનીએ ભરેલા પગલા પાછળ પણ આ નિયમને ટાંક્યા છે.

રિપોર્ટ્સ મુજબ ટ્વિટરે આમ કર્યા પછી ઘણી જગ્યાઓ પર કોંગ્રેસના કાર્યકર્તાઓ દ્વારા કંપની અને કેન્દ્ર સરકાર સામે પ્રદર્શન કરવામાં આવી રહ્યા છે.

### બીજા ક્રમાંક પર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રેકિંગમાં ૧૩૧૫ પોઈન્ટ સાથે બીજા સ્થાન છે. તેની આગળ જર્મનીનો જોહાંસ વેટર છે. જેના ૧૩૯૬ પોઈન્ટ છે. વેટર ૨૦૨૧માં સાત વખત ૯૦ થી વધારે મીટર દુર ભાલો ફેંકી ચુકયો છે. જોકે ટોકિયો ઓલિમ્પિકમાં તેને પોતાનુ શ્રેષ્ઠ પ્રદર્શન કરવામાં સફળતા મળી નહોતી. ઓલિમ્પિકમાં ભાલા ફેંકના ગોલ્ડનો દાવેદાર મનાતો વેટર પોતાના બેસ્ટ ૮૨.૫૨ મીટરના થ્રો સાથે નવમા સ્થાને રહ્યો હતો અને ફાઈનલમાંથી બહાર થઈ ગયો હતો.

### મૃત્યુઆંક ૧૩... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બસ ડ્રાઈવર અનુસાર બસમાં ૨૫ યાત્રીકો સવાર હતા. તો કાટમાળમાંથી અત્યાર સુધી ૧૩ ઈજાગ્રસ્તોને બહાર કાઢવામાં આવ્યા છે, જેની સ્થિતિ નાજુક છે. તેમાં બચ ચાલક અને કંડક્ટર સામેલ છે. જ્યારે ૧૩ મૃતદેહ મળી આવ્યા છે. બચાવ અભિયાનમાં આઈટીબીપીની સાથે સેના, એનડીઆરએફ, સીઆઈએસએફના જવાન લાગેલા છે. હિમાચલ પ્રદેશ રાજ્ય ઈમરજન્સી ઓપરેશન કેન્દ્ર તરફથી તાજા સૂચના અનુસાર ઘટનાસ્થળ પર ડ્રોનથી પણ સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. એક ટ્રક તથા ગાડી (ટાટા સૂમો) ને કાટમાળમાંથી કાઢવામાં આવ્યા છે. ટાટા સૂમોમાં સવાર આઠ મૃતકોના મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યા છે. હિમાચલ પ્રદેશના કિન્નૌર જિલ્લાના નિગુલસેરીમાં નેશનલ હાઈવે-૫ પર થયેલા ભૂસ્ખલનના કાટમાળમાં ફસાયેલા એક વ્યક્તિને આઈટીબીપીના જવાનોએ સુરક્ષિત બચાવી લીધો છે. તેનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. ખુબ મહેનત બાદ જવાનો આ વ્યક્તિનો જીવ બચાવી શક્યા. અત્રે જણાવવાનું કે બુધવારે કિન્નૌર જિલ્લામાં નિગુલસેરીમાં પહાડનો મોટો હિસ્સો તૂટીને નીચે પડ્યો. જેની ચપેટમાં હિમાચલ રોડવેઝની બસ સહિત અને ગાડીઓ આવી ગઈ. એક મહિનાથી પણ ઓછા સમયમાં કિનૌરમાં ભૂસ્ખલનની આ બીજી મોટી ઘટના છે.

### ઉજવણી કરશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ઉપરાંત મહાનગરપાલિકા કક્ષાએથી વન મહોત્સવની ઉજવણીનુ પણ આયોજન કરાયુ છે. જે અન્વયે સે-૨૦ ચિલ્ડ્રન યુનિવર્સિટીના મેદાનમાં ૧૦૦ જેટલા રોપાઆનુ વાવેતર કરાશે. જયારે આ બન્ને ઠેકાણે વનતંત્ર દ્વારા ૩ હજાર જેટલા રોપાઓનુ વિતરણ કરાશે. જો કે આ રોપાઆની વાવણીમાં તુલસી સહીત ઓછા પાણીથી ઉછેર થતા વૃક્ષો તરફ ધ્યાન અપાશે. જિલ્લામાં દર વર્ષે વરસતા વરસાદ વચ્ચે વન મહોત્સવની ઉજવણી કરવામાં આવે છે. પરંતુ આ વર્ષે અડધુ ચોમાસુ પુરુ થયુ છતા ઉનાળા જેવી ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. વરસાદ અદ્રશ્ય છે. વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ ઓછુ છે ત્યારે નવા રોપોઓના અસ્તિત્વ સામે પણ ખતરો મંડરાયો છે. આ સ્થિતિ વચ્ચે રોપાઓ પણ બળી જવાનો ભય છે. જેના લીધે વન મહોત્સવની ઉજવણી પણ માત્ર નામ પુરતી જ બની રહેશે તેમ પણ સ્પષ્ટ થઈ રહ્યુ છે.

### વ્યૂહરચના... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં વિજય મેળવ્યા બાદ નવ નિયુક્ત પ્રમુખ અનિલભાઈએ તેમના પ્રથમ પ્રવચનમાં હવે વિધાનસભાની પાંચેય બેઠક પર ભાજપનો ભગવો લહેરાવીને જ રહીશુ તેવી ઘોષણા કરી હતી.

સંગઠ્ઠનમાં દહેગામની કરાતી રહેલી અવગણનાનો મુદ્દો હાલ જિલ્લાના રાજકારણમાં સૌથી વધુ ચર્ચાનો મુદ્દો બન્યો છે.

### ગાબડું... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અત્યાર થી જ ઉબડ ખાબડ બનતા જાય છે. માર્ગ નિર્માણની કામગીરી સામે અનેકવાર સવાલો મંડરાય છે. ત્યારે વાહનચાલકો માટે પણ જોખમી સ્થિતિ સર્જાય છે. ઘ-૦ ઓવરબ્રિજ પાસે હાલ સર્વિસ રોડ પર ગાબડુ જોવા મળી રહ્યુ છે. આ ગાબડુ ગમેત્યારે વાહનચાલકો માટે જોખમી બને તેવી સ્થિતિ છે. તંત્ર દ્વારા ગ-૦ થી સરગાસણ તરફ જવાનો માર્ગ બ્લોક કરી દેવાયો છે. ત્યારે ત્વરિત અસરથી આ ભયજનક ગાબડુ પુરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.